# મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શૈક્ષણિક વિચારોનો તુલનાત્મક અભ્યાસ

મેઘા ત્રિવેદી

## ૧. પ્રસ્તાવના

ઘણાં બધા વ્યક્તિઓ એટલી વ્યાપક, લગભગ સર્વ સમાજ માન્ય અને કઈક નવીન વિચારધારા ધરાવતા હોય છે, જે સમાજને માર્ગ ચીંધવાનું કાર્ય કરે છે. આવા વ્યિક્તને આપણે તત્વચિંતકો તરીકે ઓળખીએ છોએ. આ દરેક ચિંતકોએ પોતાના ચિંતનના ક્ષેત્રમાં અવશ્ય વાત કરી છે. કેમ કે 'તત્વજ્ઞાન અને શિક્ષણ એક સિક્કાની બે બાજુ છે 'તત્વજ્ઞાનએ ચિંતનાત્મક બાજુ છે તો શિક્ષણ એ ક્રિયાત્મક બાજુ છે. પ્રાચીનકાળથી અર્વાચીનયુગ સુધીમાં શિક્ષણ વિશે ખૂબ જ ગહન ચિંતન કરવામાં આવ્યું છે. દરેક તત્વચિંતકે પોતાના વિચારો જે તે દેશ અને કાળને ધ્યાનમાં રાખીને રજૂ કર્યા છે. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરએ આધુનિક ભારતીય આત્માની બે આંખો છે: ગાંધી અને ટાગોર. તેઓ આપણાં યુગમાં ભારતીય વિચારધારાની દિશા અને તેનો પ્રવાહ નક્કી કરનારા જાણે કે બે કિનારા છે. સમાન યુગમાં બન્ને જીવ્યા, બન્નેએ ચિંતન કર્યું અને અનુભવ્યું એટલું જ નહીં, બંને જાણે સમાન મૂલ્યો પણ અપનાવ્યાં.

## ૨. સમસ્યા વિધાન

મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં શૈક્ષણિક વિચારોનો તુલનાત્મક અભ્યાસ

## ૩. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

- મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેનાં જીવનલક્ષી કેળવણી વિશે વિચારતા જણાય છે.
- આજની શિક્ષણપ્રથામાં તેઓના શિક્ષણદર્શનનો ઉપયોગ કરવા માટે મહત્વ છે.
- વિધાર્થીઓને માત્ર મન અને શરીરનું જ્ઞાન નહી, પરંતુ આત્મજ્ઞાન માટે પ્રેરવાનીતેઓની દીર્ઘદર્ષ્ટિ ખૂબ ઉપયોગી થાય તેમ છે.

## ૪. હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

1. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેના શૈક્ષણિક વિચારો તારવવા.
2. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેના શૈક્ષણિક વિચારોની સમાનતા તારવવી.
3. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેના શૈક્ષણિક વિચારોની અસમાનતા તારવવી.
4. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેના શૈક્ષણિક વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરી વર્તમાન સમયમાં આ વિચારોની ઉપયોગિતાવિશે સૂચનો કરવા.
5. મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેના શૈક્ષણિક વિચારોની તુલના કરી તેના પરથી સ્વતંત્ર તારણો કાઢવાં.

## ૫. સંશોધન પધ્ધતિ

સંશોધન સમસ્યા તથા સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન પુસ્તકો આધારિત હોવાથી મહાત્મા ગાંધીજી તથા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના જીવન તથા શિક્ષણ દર્શનને લાગતાં તેમના બંને પર અંગ્રેજી, હિન્દી તેમજ

ગુજરાતી ભાષામાં લખાયેલા પુસ્તકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઈન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ માહિતીનો સંશોધન માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતીના આધારે બંનેના શિક્ષણ વિષયક વિચારોને જુદા જુદા મુદ્દાઓના સંદર્ભમાં નોંધવામાં આવ્યા હતા. ત્યારબાદ બંને વચ્ચે તુલના કરી તેમાંથી તારણો મેળવવામાં આવ્યાં હતાં.

## ૬. તારણો

પ્રસ્તુત શોધનિબંધમાં મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્નેનાં શૈક્ષણિક વિચારોની તુલના કરી તેના પરથી તેમના વિચારોની સમાનતા અને અસમાનતા અંગેનાં તારણો મળ્યાં હતાં.

## ૭. સમાનતા

- મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્ને આદર્શવાદી હતાં. તેઓ આત્મા, સ્વ અથવા મનને મહત્વ આપે છે. મન અને આત્માની સાર્વત્રિકતાને મહત્વ આપે છે. દુનિયામાં કુદરતી આધ્યાત્મિક અંતિમ સત્તા પર તેઓ ભાર મૂકે છે. તેમના મત અનુસાર શિક્ષણ એટલે અંતિમ સત્ય, સરપતા તથા સૌંદર્યને સમજવાની શકિત.
- બંને તત્વચિંતકો માનવપ્રેમી હતા. જીવનનાં અંતિમ સત્યો સુધી પહોંચવા માનવ સ્વભાવ શક્તિમાન છે તેવી બંનેની સમજ અને વિશ્વાસ છે.
- બંને તત્વચિંતકોના શિક્ષણમાં બાળક કેન્દ્ર સ્થાને છે. સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને છે. બાળકની જરૂરિયાત, મહત્વકાંક્ષા અને શક્તિસાથે શિક્ષણસંમત થાય છે. સમગ્ર અભ્યાસક્રમમાં બાળકને કાર્ય અને રમત દ્વાર અનુભવો મળવા જોઈએ. બધું જ શિક્ષણ બાળકની પ્રવૃતિઓની આસપાસ વણાયેલું હોવું જોઈએ. બાળકના વ્યક્તિત્વનાં વિકાસ માટે આ મહત્વનુ છે. તેઓને વિસવાસ છે ક બાળક માટે શિક્ષણ છે, શિક્ષણ માટે બાળક નથી.
- બંનેએ ક્રિયા દ્વારા શિક્ષણની પદ્ધતિ હિમાયત કરી છે. બિબાઢાળ, નષ્ટપ્રાય, પુસ્તકિયું જ્ઞાન આ બધું અનુકૂળ નથી, બાળક નો સર્વાંગી વિકાસ ક્રિયા દ્વારા જ શક્ય બને તેવો એમને વિશ્વાસ છે.
- મહાત્મા ગાંધી અને ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર બંને નૈતિક શિક્ષણની તરફેણ કરે છે. નૈતિક ચારિત્ર્ય ઘડતર એ શિક્ષણ નો મહાત્વનો ધ્યેય છે.
- મહાત્મા ગાંધીજી સત્ય અને અહિંસાનાં  વિચારો આપે છે, જ્યારે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર પ્રેમ, આનંદ અને સર્વમયી ભાતૃભાવનો સંદેશો  આપે છે.
- મહાત્મા ગાંધીજી દુષ્ટ માણસો અને તેની દુષ્ટતા દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ માટે તેઓ પ્રત્યેક વ્યક્તિની જરૂરિયાતોને સ્પર્શતો કર્મયોગની દષ્ટિ આપે છે જ્યારે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર મુખ્ય તત્વજ્ઞાન છે, જીવનમાં આનંદ મેળવવો. તેમાંથી તેઓ બાહ્ય આનંદને બાકાત રાખે છે.
- મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને લોકશાહીમાં ભરોસો છે. તેઓ માણસનાં ભાતૃભાવ અને ઈશ્વરનાં પિતૃભવમાં વિશ્વાસ કરે છે. કુદરતની આંખે બધા જ સમાન છે. તેઓ જે સમાજની  સ્થાપના કરે છે તેમાં તેઓ બધાને સમાન મને છે.
- મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બંને ઉત્પાદક શિસ્તમાં વિશ્વાસ રાખે છે. તેઓ એવા પ્રકારની શિસ્તમાં વિશ્વાસ કરે છે જે વિદ્યાર્થીઓ માટે નમૂના રૂપ બની શકે. તેઓ બંને આંતરિક શિસ્તની પણ વાત કરે છે અને સ્વનિયંત્રણ પર ભાર મૂકે છે. તેઓ બંને બાહ્ય નિયંત્રણને શિસ્તનાં મહત્વ માટે સ્વીકારે છે.
- સમાજમાં ક્રાંતિ કરવાનો બન્નેનો ઈરાદો છે. તેઓ બન્ને એવા સમાજનું નિર્માણ કરવા ઈચ્છે છે જેમાં ભ્રષ્ટાચાર ન હોય, સમાનતા હોય, તેમા અમીર અને ગરીબ વચ્ચે તફાવત ન હોય, આવા દેશ કે સમાજને તેઓ રામરાજય કહે છે. આવા ક્રાંતિકારી અને અસલી સમાજની તેઓ સ્થાપના કરવા ઈચ્છે છે.

- બન્ને એવી શિક્ષણ વ્યવસ્થાને શોધે છે, જે જીવનનાં તત્વજ્ઞાનનું વહન કરે. તેમનું તત્વજ્ઞાન એવી શિક્ષણ વ્યવસ્થાને ઘાટ આપવાની ખાતરી આપે છે. જે પ્રાચીન ભારતની સંસ્કૃતિ તથા સાર્વત્રિક સત્યની સમજ દેશ અને કાળનાં સંદર્ભમાં રજૂ કરે.
- બન્ને જુદાં જુદાં પાસાથી બાળકનાં સાર્વત્રિક વિકાસની વાત કરે છે.
- બન્ને વ્યકિતગત રીતે પોતપોતાના ક્ષેત્રમાં ગ્રામ્યવિસ્તાર માટે વિકાસની યોજના આપે છે. તેમના શિક્ષણ દર્શનના વિચારમાં ગ્રામ્યવિસ્તારનાં પુનર્ગઠનની ઝલક જોવા મળે છે.
- મહાત્મા ગાંધીજી નઈ તાલીમમાં શિક્ષણ મેળવવાનાં વર્ષો દરમ્યાન કમાવવાનું મળે તે વાત રજૂ કરે છે. સાદા રોકાણ અને મજૂરી દ્વારા કમાવવાની તક મળે અને ભવિષ્યનું ગુજરાન ચલાવવા માટે માણસ તૈયાર થાય છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર પણ કદાચ શારિરીક શ્રમની જરૂરિયાતને સમજે છે, પણ તેમને વ્યક્તિગત કમાવવાની વાત પસંદ નથી. ગાંધીજીએ સાબરમતી અને સેવાગ્રામ આશ્રમમાં ઉદ્યોગશિક્ષણની વાત મૂકી હતી. જયારે ટાગોરે આ વાત વર્ષો પહેલાં શાંતિનિકેતનમાં રજૂ કરી છે.
- મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર મનની શિસ્તમાં વિશ્વાસ કરે છે, પણ શિસ્તની સંકલ્પના માટે બન્નેનાં સૂચનો જુદાં જુદાં જણાઈ આવે છે. ટાગોર પાઠ ભવન અને શિક્ષા સદનમાં જયારે ગાંધીજી સાબરમતી અને સેવાગ્રામમાં વિદ્યાર્થીઓની સ્વશિસ્તની જવાબદારીને સ્વીકારે છે. તેઓ બન્ને આશ્રમમાં કે આશ્રમની નજીક કોઈપણ પ્રકારની ગેરશિસ્તને ચલાવી લેતા નથી.

**૮. અસમાનતા**

- ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતન શાળાની શરૂઆત ૧૯૦૧માં કરી અને મહાત્મા ગાંધીજી સેવાગ્રામ આશ્રમની સ્થાપના ૧૯૩૭માં કરી, પરંતુ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કરી તેનાં કરતા ટાગોરે તેની તૈયારી સિલાઈદાલામાં ઘણી વહેલી કરી હતી.
- ટાગોર અને ગાંધીજીના શિક્ષણનાં ધ્યેયો અલગ અલગ છે. ગાંધીજીના મતે બાળકનાં શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ જયારે ટાગોરના મતે બધા સાથે અસ્તિત્વનો સુસંવાદ એ સંકલ્પના છે. ગાંધીજી ભૌતિક જગત અને આધ્યાત્મિક જગત બન્નેનો સાથે વિકાસ ઈચ્છે છે એ તેમનાં શિક્ષણનું ધ્યેય છે.
- મહાત્મા ગાંધીજી કરતાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર કુદરત પર વધુ ભાર મૂકે છે. કુદરતથી ઘેરાયેલા શિક્ષણની તેઓ હિમાયત કરે છે. બાળકને ખરું જ્ઞાન મેળવવા માટે કુદરતનું પુસ્તક વાંચવાની તેઓ ભલામણ કરે છે, કેમ કે બાળક માટે કુદરત સૌથી મોટું પુસ્તક છે. બાળકના સર્વાંગી વિકાસ માટે કુદરતનું સામીપ્ય જરૂરી છે. બ્રહ્મનો સીધો સંપર્ક કુદરત કરાવે છે. કુદરતમાં રંગો અને તાલનું અનેક વૈવિધ્ય છે. મનુષ્યએ પોતાની જાતને ઓળખવા માટે કુદરત સાથેનો ગાઢ સંપર્ક જરૂરી છે. આ ઉપરાંત ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર આનંદ માટે શિક્ષણની વાત કરે છે. ગાંધીજી બુનિયાદી શિક્ષણમાં કુદરતની કોઈ જ વાત કરતાં નથી.
- સમાજનાં વિકાસ માટે શિક્ષણ વ્યવસ્થા થકી થતાં પ્રયત્નો માટે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર ગાંધીજી કરતાં પહેલા વિચારે છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર માને છે કે, ભારતના લોકો ગામડામાં વસે છે. ભારતનો વિકાસ કરવો હોય તો પહેલા ગામડાંનો વિકાસ કરવો પડે. તેથી જ તેમણે ગ્રામ્ય વિકાસ માટે ઈ.સ. ૧૯૨૨માં શ્રી નિકેતનની સ્થાપના કરી, સમાજનાં વિકાસ માટે વ્યકિત વ્યકિત વચ્ચે, સંસ્કૃતિ અને આંતરિક સમાજ વચ્ચે સમજ વ્યકિતમાં ભાઈચારો વિકસાવવા માટે જરૂરી છે.
- મહાત્મા ગાંધીજી કરતાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર વિદ્યાર્થીની સ્વતંત્રતા પર વધુ ભાર મૂકે છે. શિક્ષણમાં આનંદ માટે સ્વતંત્રતા જરૂરી છે. મહાત્મા ગાંધીજી સામાજીક અને આર્થિક રજને આનંદ કરતાં વધારે જરૂરી માને છે. જયારે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર માટે સ્વતંત્રતાએ માર્ગદર્શક સિદ્ધાંત છે.

- ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર કઠોર પરિશ્રમમાં વિશ્વાસ કરતા નથી. પોતાના સ્વ-ભાવને વ્યકત કરવા માટે સંગીત અને લા વાહન છે. તેઓ સર્જનાત્મકતા પર ભાર મૂકે છે. પણ મહાત્મા ગાંધીજી તેમનાં બુનિયાદી શિક્ષણમાં સર્જનાત્મકતાને સામાજિક અને આર્થિક બાબતોને ધ્યાનમાં રાખીને રજૂ કરે છે.
- ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર કરતાં બહુ પહેલાં ગાંધીજી સ્વાવલંબન પર ભાર મૂકે છે. મહાત્મા ગાંધીજી કહે છે કે શિક્ષણ પોતાના માટે પૂરતું હોવું જોઇએ, ઉદ્યોગ દ્વારા ઉત્પાદન કરીને શિક્ષણનો ખર્ચ કાઢવો જોઇએ. તેનાથી આપણાં સમાજ અને રાજય પર ઓછો બોજો પડે છે.
- રાષ્ટ્રીય સંસ્કૃતિનાં ક્ષેત્રે મહાત્મા ગાંધીજી કરતાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું પ્રદાન વધારે છે. હાલમાં જ UNESCO દ્વારા વિશ્વભારતીને સંસ્કૃતિનાં પ્રદાનમાં મહત્વની ભૂમિકા બદલ વૈશ્વિક વારસાની માન્યતા આપવામાં આવી છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની આ ભૂમિ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં સંયોજન માટે મહત્વની છે.
- મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર બન્ને શિક્ષણ અને અહિંસાને મહત્વ આપે છે. બન્નેનો અભિગમ અલગ જોવા મળે છે. મહાત્મા ગાંધીજી સત્ય અને અહિંસાને વિશાળ અર્થમાં મૂકે છે. દુનિયામાં એવો કોઇપણ વ્યક્તિ નથી જે તેમના અહિંસાના પ્રયોગથી પ્રભાવિત ન થયો હોય. જીવનનાં ક્ષેત્રમાં જુદી રીતે મહાત્મા ગાંધીજી સત્ય અને અહિંસાનો ઉપયોગ કરે છે. રવીન્દ્રનાથ ટાગોરના મતે સામાજીક માળખા માટે અહિંસા અગત્યની છે. સત્તાધિશો દ્વારા થતા અમાનવીય વર્તન સામે અહિંસા અગત્યની છે.
- રવીન્દ્રનાથ ટાગોરના મતે વ્યક્તિની સાચી જાગૃતિ, તેના જીવનનાં ધ્યેય નક્કી કરવામાં અને ઈચ્છનીય ફરજ પૂરી કરવામાં રહેલી છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર જીવનની પ્રાથમિક મુશ્કેલીઓ સાથે સંબંધ ધરાવતા નથી, જયારે મહાત્મા ગાંધીજી મતે શિક્ષણએ આ પ્રાથમિક મુશ્કેલીઓ હલ કરવાનો રાજમાર્ગ છે.
- ટાગોર વિદ્યાર્થીઓની આંતરિક અને માનસિક ક્ષમતા પર ભાર મૂકે છે. મહાત્મા ગાંધીજીએ પણ આ વસ્તુને પોતાની યોજનામાં દેશવટો આપ્યો નથી પરંતુ તેમના માટે વિદ્યાર્થીઓની સામાજિક જવાબદારીઓ, આર્થિક રીતે પોતાની જાતને પગભર બનાવવા માટેની તૈયારી મહત્વની છે. તેના માટે તેઓ સ્વરસનું બલિદાન આપવા તૈયાર છે.

### ૯. ઉપસંહાર

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર તથા મહાત્મા ગાંધીજી દુનિયામાં હાલ નથી પરંતુ તેમણે કરેલા કાર્યનાં લખાણો આપણને હંમેશા માનવીય સુધારણા માટે પ્રેરણા આપે છે. બહુ જ થોડા વ્યક્તિઓ છે જે મૃત્યુ પછી પણ દુનિયાને વૈશ્વિક પ્રેમ અને સન્માનની ભાવના શીખવે છે. ગાંધીજીનું બુનિયાદી શિક્ષણ ભારતનું ય અને આત્મા છે. તે એક એવી યોજના છે કે જે દરેક જરૂરિયાતને પૂરી પાડે છે. ભારતીય લોકોનાં સાંસ્કૃતિ, સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતિ માટે પ્રેરણાદાયક છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની શિક્ષણ પદ્ધતિ બાળકોના પ્રશ્નોને પ્રેમ અને સહાનુભૂતિથી હલ કરવા જણાવે છે. શાંતિનિકેતન વિદ્યાર્થીઓને સ્વતંત્રતા આપે છે, વિદ્યાર્થીઓને તેમના કાર્ય કરવા માટે તૈયાર કરે છે અને ભાઇચારો અને માનવતા શીખવે છે. આથી જ ટાગોરની વિશ્વભારતી વર્તમાન સમયની નાલંદા તરીકે પ્રસિદ્ધ બની છે. ટાગોરનો આ પ્રયોગ-શાંતિનિકેતનને દુનિયાના બધાજ લોકોએ પસંદ કરેલ છે. મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર ભારતીય શિક્ષણમાં ભૂલી ન શકાય તેવાં ચિન્હો છોડી ગયાં છે. તેઓએ શિક્ષણનાં તમામ પાસાંઓને સ્પર્શી લીધાં છે. તેઓએ આપેલી શિક્ષણ પદ્ધતિ લોકશાહી અને માનવીય છે. આથી જ કેળવણીકાર તરીકેની ઉત્તમોતમ ક્ષમતા બદલ આપણે મહાત્મા ગાંધીજી તેમજ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને ભૂલી શકીશું નહી જ.

### સંદર્ભસૂચિ


1. ઉચાટ, દિનેશચંદ્ર (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર પ્રકાશક ડી. એ. ઉચાટ, રાજકોટ-૧.
2. ગાંધી, મો.ક. (૧૯૫૫). ખરી કેળવણી, નવજીવન પ્રકાશન, અમદાવાદ

3. ગાંધી, મો.ક. (૧૯૯૫). કેળવણીનો કોયડો, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
4. જોશી, ભ. અને ભોગાયતા (૧૯૯૫). વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક, અનડા બુક ડીપો, અમદાવાદ.
5. ટાગોર, રવીન્દ્રનાથ (અનુ.) ગણાત્રા હી. હ. (૧૯૨૦).વિશ્વભારતી, લોહાણા મિત્રપ્રેમ.
6. ત્રિવેદી, ભાવના (૧૯૯૨). આધુનિક ભારતીય ચિંતન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬.
7. દવે, જયેન્દ્ર શાસ્ત્રી (૧૯૯૩). કેળવણીના તાત્વિક આધારો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-6.
8. દવે, જયેન્દ્ર શાસ્ત્રી (૧૯૮૩). ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-6,
9. પટેલ, આર. એસ. (૨૦૧૫). “સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર” અમદાવાદ, જય પબ્લિકેશન.
10. પટેલ,,એમ. એસ., મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
11. પટેલ, મગનભાઇ (૧૯૯૯). ગાંધીજીનું શિક્ષણદર્શત (એમનાંજ શબ્દોમાં), નવજીવન પ્રકાશન, અમદાવાદ.
12. પારેખ, નગીનદાસ (૧૯૯૦). ટાગોર રવીન્દ્રનાથ, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
13. શાહ, દીપિકા (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬.
14. ठाकुर, रवीन्द्रनाथ ( २००७). रवीन्द्रनाथ का शिक्षा दर्शन, सर्वोदय साहित्य संस्थान, नइ दिल्लि।
15. त्यागी, जी.एस.डी.(१९७२). शिक्षा के दार्शनिक एवं सामाजिक आधार, विनोद पुस्तक मन्दिर, आग्रा ।
16. पांडेय, रामसकल ( २००६). शिक्षा दर्शन, विनोद पुस्तक मन्दिर, आग्रा ।
17. प्रधान, गोपाल ( अनु.) ( १९९७). रवीन्द्रनाथ का शिक्षा दर्शन, ग्रंथ शिल्पी, नइ दिल्लि।
18. मिश्रा, आत्मानंद (१९७२). भारतीय शिक्षा के प्रवर्तक, विनोद पुस्तक मन्दिर, आग्रा ।
19. Mani, R.S. (1965). Education Ideas and Ideals of Eminent Indians: Gandhi & Tagore, New Book Society, New Delhi.